# જિલ્લામાં ૧૪.૬૧ ટકા મતદારો વધ્યા

### છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર(ઉ), ગાંધીનગર(દ) અને કલોલ બેઠક પર ૨૦૦૯ની તુલનામાં મહિલા મતદારોની ટકાવારીમાં વધારો નોંધાયો : ૨૦૦૯ની તુલનામાં ૧,૪૫,૯૯૪ મતદારોનો વધારો થયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧,૪૫,૯૯૪ મતદારો નવા નોંધાયા છે જે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વખતે નોંધાયેલા મતદારોની સરખામણીએ ૧૪.૬૧ ટકા જેટલો વધારો દર્શાવે છે.

૧-૧-૧૭ની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલી મતદાર યાદી પ્રમાણે જિલ્લામાં ૧૧,૪૫,૩૬૯ મતદારો છે. જેમાં ૫,૯૨,૫૮૫ પુરૂષ મતદારો અને ૫,૫૨,૭૫૭ મહિલા મતદારો નોંધાયેલા છે.

ચૂંટણી વિશ્લેષકોના મત અનુસાર જિલ્લામાં જે ૧૪.૬૧ ટકાનો મતદારોનો વૃદ્ધિ દર છે તેમાં સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ) બેઠક પર વધ્યો છે. જે ૨૧.૦૩ ટકા જેટલા થવા જાય છે. જ્યારે સૌથી ઓછા મતદારોની વૃદ્ધિ માણસા વિધાનસભા બેઠક પર જોવા મળે છે. જે ૮.૩૫ ટકા જેટલા થાય છે.

દહેગામમાં ૨૦૦૯ની તુલનામાં ૧૩.૧૯ ટકા, ગાંધીનગર(ઉ) બેઠક પર ૧૧.૪૦ ટકા તો કલોલ બેઠક પર ૧૭.૫૭ ટકા જેટલો વધારો નોંધાયો છે.

વિશ્લેષકોએ કરેલા ૨૦૦૯ની તુલનાના રસપ્રદ તારણ મુજબ નવા વધેલા મતદારોમાં મહિલા મતદારોની ટકાવારી પુરૂષોની સરખામણીમાં ૦.૦૧ ટકો વધારે છે. પુરૂષ મતદારો ૧૪.૬૦ ટકા વધ્યા છે જ્યારે મહિલા મતદારો ૧૪.૬૧ ટકા વધ્યા છે.


આ રસપ્રદ તારણની હકીકતો એવી પણ છે કે દહેગામમાં પુરૂષ મતદારો ૧૩.૨૧ ટકા વધ્યા છે તો મહિલા મતદારો ૧૩.૧૬ ટકા વધ્યા છે. ગાંધીનગર(દ)માં પુરૂષ મતદારો ૨૦.૮૦ ટકા તો મહિલા મતદારો ૨૧.૨૭ ટકા, ગાંધીનગર(ઉ)માં ૧૦.૯૬ ટકા પુરૂષ મતદારો સામે ૧૧.૮૭ ટકા, માણસામાં ૯.૨૬ ટકા પુરૂષ મતદારો સામે ૭.૩૭ ટકા મહિલા મતદારો અને કલોલમાં ૧૭.૩૨ ટકા પુરૂષ મતદારો સામે ૧૭.૮૪ ટકાનો વધારો થયો છે.

આમ ગાંધીનગર (દ), ગાંધીનગર (ઉ) અને કલોલમાં પુરૂષ મતદારોની સંખ્યામાં મહિલા મતદારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

૧-૧-૧૭ની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પ્રમાણે મતદારોની દૃષ્ટિએ સૌથી નાનો મત વિસ્તાર દહેગામ છે. જ્યાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૧,૯૭,૦૭૨ છે. ગાંધીનગર(દ)માં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૯૨,૬૦૬, ગાંધીનગર(ઉ) બેઠક પર નોંધાયેલ મતદારોની સંખ્યા ૨,૨૭,૦૧૪, માણસા બેઠક પર ૨,૦૮,૫૭૦ અને કલોલમાં ૨,૨૦,૧૦૭ મતદારો છે.

# સે-૧૬ માં 'છ' કક્ષાના આવાસમાં મોટામસ ગાબડા

### રહીશોના જીવ પડીકે બંધાયા : છેલ્લા એક વર્ષથી જોખમી આવાસમાં રહેતા વસાહતીઓની ફરિયાદ કોઇ સાંભળતુ નથી ફોટા



ગાંધીનગર તા ૧૩

સે-૧૬ માં સ્થિત છ કક્ષાના સરકારી આવાસમાં રોજબરોજ છતમાંથી પોપડા ખરતા રહીશોના જીવ પડીકે બંધાયા છે. આવાસની કંગાળ હાલત સંદર્ભે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી. બીજીતરફ મકાનની ભીંતો તેમજ છતમાં મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જોખમી સ્થિતિમાં રામભરોસે વસવાટ કરતા રહીશોના માથે મોતનો ખતરો જળુંબી રહયો છે. આમછતા તંત્રના પેટનુ પાણી હલતુ નથી.

શહેરમાં એકબાજુ કોર્પોરેટ આવાસો તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. નવા આવાસોમાં સઘળી સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. ત્યારે દાયકાઓ જુના સરકારી આવાસોની ભીંતા પણ સલામત નથી. શહેરમાં કંગાળ ભાસતા સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. આવાસ મજબુતીકરણની યોજના અન્વયે પણ મંદ ગતિએ કામ ચાલી રહયુ છે. ત્યારે જુના આવાસોમાં વસવાટ કરતા રહીશો માથે મોટુ જોખમ તોળાઇ રહયુ છે. સ્થાનિક ઇન્કવાયરી કચેરી તેમજ પાટનગર યોજના ભવનના બાબુઓ રહીશોની ફરિયાદોના નિરાકરણ માટે પણ નિરસતા સેવી રહયા છે. જેના પરિણામે વસાહતીઓમાં ઉગ્ર રોષ ભભુક્યો છે. સે-૧૬ માં છ કક્ષાના કેટલાક મકાનોની સ્થિતિ પણ આવી જ છે. સેકટરમાં સ્થિત છ કક્ષાના બ્લોકનં -૧૩-૨ માં રોજબરોજ મકાનની ભીંતમાંથી પોપડા ખરે છે. છતમાં મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. આ સ્થિતિ વચ્ચે પ્રવિણભાઇ મકવાણા પોતાના પરિવારજનો સાથે છેલ્લા એક વર્ષથી તંત્ર સમક્ષ રજુઆત કરી રહયા છે. પરંતુ તેમની ફરિયાદનુ નિરાકરણ આવતુ નથી. જોખમી સ્થિતિમાં વસવાટ કરતા રહીશો માથે સતત ખતરો જળુંબી રહયો છે. તંત્ર દ્વારા કર્મચારીઓ માટે કોર્પોરેટ આવાસોનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. પરંતુ દાયકાઓ જુના આવાસોમાં જયાં કર્મચારીઓ વસવાટ કરી રહયા છે. ત્યાં જોખમી સ્થિતિના લીધે રહીશોના જીવ પડીકે બંધાયા છે. આવાસની દશા સુધારવા માટે ત્વરિત પગલા નહીં લેવાય તો આગામી વરસાદી દિવસોમાં ગમે તે ઘડીએ અકસ્માત થવાની દહેશત પણ રહીશોને સતાવી રહી છે.

# શહેરમાં ફૂટપાથની બાકી કામગીરી ૯૦ લાખના ખર્ચે પુર્ણ કરાશે

### રોડ નં -૫ તેમજ પ્રેસ સર્કલ પાસે અધુરુ કામ પુરુ કરાશે : ગ માર્ગ પર એકબાજુ વોક વે ની અપુર્ણ કામગીરી પુરી કરવા પણ માંગ

ગાંધીનગર તા ૧૩

શહેરમાં ફુટપાથની બાકી કામગીરી પુર્ણ કરવા માટે રૂ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જેમાં સે-૩૦ પ્રેસ સર્કલ નજીકના માર્ગ પાસે તેમજ રોડ નં- ૫ માં રેલવે ફાટક પાસે વોક વે નુ કામ હાથ ધરાશે. ફુટપાથની કામગીરીને અનુલક્ષીને અંદાજ તૈયાર કરી દેવાયો છે. ત્યારે ગ માર્ગ પર આર ટી ઓ કચેરીની સામે એકબાજુ ફુટપાથની બાકી કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ હજુ પણ કેટલાક ભાગમાં ફુટપાથનુ કામ અપુર્ણ છે. હાલ અંદાજિત નગરના ૯૫ કી મી વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક અસ્તિત્વ ધરાવે છે. ત્યારે નગરના કેટલાક માર્ગો આસપાસ ફુટપાથની કામગીરી બાકી હોવાના લીધે અગાઉ પણ આ મામલે તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે બાકી કામ પુર્ણ કરવા માટે ટુંકમાં કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ફુટપાથના નિર્માણ બાદ તંત્ર દ્વારા યોગ્ય જાળવણી ન થતા નગરના વોક વે પર ઘણાં ઠેકાણે મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. જયારે કેટલાક ઠેકાણે કપાયેલા વૃક્ષોના થડીયા પણ અકસ્માતનુ કારણ બન્યા છે. વોક વે કરનારાઓને વૃક્ષોના થડીયા ફુટપાથ પર આડશ બનતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. ગત વાઇબ્રન્ટ સમિટ દરમિયાન વોક વે ની જાળવણી માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ ફુટપાથ પર જોખમી વૃક્ષોના થડીયા દુર કરવામાં તંત્રએ નિરસતા દાખવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



અલભ્ય પાર્કિંગ - ગાંધીનગરની મજા જ ઔર છે... અહીં કાયદો ઘડાય પણ છે અને તોડાય પણ છે... બસ સ્ટેન્ડ મુસાફરોને છાયો મળે એના માટે બનાવાયા છે... એ સીધી સાદી વાત સૌને સમજાય તેવી છે... આમ છતાં છાંયે પાર્કિંગ કરવાનો આગ્રહ અને તે પણ કોઇકના સુવિધાને ઝુંટવીને એ માત્ર પાટનગરમાં જ અનુભવાય છે... આ અને આવા અનેક કિસ્સાઓ ડગલે ને પગલે જોવા મળે છે... સરકારની સુવિધાનો દુરઉપયોગ કેમ કરવો, કેવી રીતે કરવો એના પાઠ ખબર નહિ કોણ શીખવે છે ? અને ક્યાં શીખાય છે...? નાગરિક ધર્મની વાત તો દૂરની રહી પણ અધર્મ ક્ષણે ક્ષણે દેખાય છે, વર્તાય છે અને અ તસવીર જોઇને અનુભવાય પણ છે... હજુ પણ મોડુ થાય એ પહેલા કલ્યાણ અને સેવાની સુવિધાઓમાં ઉપયોગી ના થવાય તો વાંધો નહિ પણ અવરોધક તો ના બનીએ....

# અડાલજમાં ઝાડાના ૧૨ કેસ મળતા તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે આજે ઝાડાના ૧૨થી વધુ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજ ગામના રાવળવાસ તેમજ ઝાલાવાસમાંથી આજે આ કેસ મળી આવ્યા હતા. ઝાડાના આ કેસ દુષિત પાણીને લીધે થયાનું પ્રાથમિક તારણ હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

અસર પામેલા દસ દર્દીઓને સારવાર માટે અડાલજ સી.એચ.સી.માં દાખલ કરવામાં આવ્યા છે. જયાં તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેલન્સમાં બે દર્દીઓને પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતાં સ્થળ પર સારવાર આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારમાં જુની પાણીની પાઇપલાઇનમાં ગટરનું પાણી ભળી જતું હોવાનું મનાઇ રહ્યું છે. આ વિસ્તારમાં નવી પાઇપલાઇન પણ નાખવામાં આવેલ છે. જો કે બંને પાઇપલાઇનો દ્વારા પેયજળ આ વિસ્તારમાં જતું હોવાની વાતો પણ ચર્ચામાં છે. તંત્રએ જુની પાઇપલાઇનનો પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરાવ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વર્ષાન્તે હૃદયાંજલિ



**સ્વ. રમા પુરાણી**
અવસાન તા. ૧૪.૬.૨૦૧૬

**તમે નથી તો...!**

તમે નથી, તો, નથી જિંદગી જીવવા જેવી !
તમે નથી તો, દિલની વાતો કોને કહેવી ?
તમે નથી તો આંબાડાળે, કોયલ ક્યાંથી ટહુકે ?
તમે નથી તંઇ વન ઉપવનમાં, મયૂર ક્યાંથી ગહેંકે ?
તમે નથી તો છોડ, હિજરાયા કરે છે બાગનાં !
તમે નથી તંઇ ફૂલ બધાં, ઝૂર્યા કરે છે ત્યારનાં.
'તમે ખરા છો ! સાવ ભૂલકણો !' - કોણ બોલશે ?
'જોજો પાછા, મોડા પડતા' - કોણ ટોકશે ?
તમે તમારી આંખે સૂરજ ઢાળી દઈનો
કો'ક અજાણી આંખોને અજવાળાં દીધાં !
તમે અચાનક 'આવું' કહીને અનંતવાટે ચાલ્યાં,
ભૂલી ગયાં શું 'કોલ' આપણે બંધ બારણે લીધાં !
તમે નથી તો 'આવું !'–એવો કોણ પાડશે ટહુકો ?
તમે નથી તોય અમ અંતરમાં ધૂપસળી શા મ્હેંકો !

- ભાનુપ્રસાદ પુરાણી

કવિતા પુરાણી (દીકરી)
કેયૂર-પાયલ-આરોહ-તરાના (પૂત્ર પરિવાર)
મયૂર-ફાલ્ગુની-મનન-ઋત્વા (પૂત્ર પરિવાર)

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com I shivalayfarm&partyplot@gmail.com
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઇન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અધતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઇનીંગ

શિક્ષકો જોઇએ છે
પ્રગતિ મંડળ, વાવોલ, તા.જી. ગાંધીનગર દ્વારા સંચાલિત
શ્રીમતી એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલય-વાવોલ
માટે નીચે જણાવેલ લાયકાતવાળા શિક્ષકો જોઇએ છે.
(૧) P.T.C. - ૨ શિક્ષકો (ગુજરાતી/હિન્દી/અંગ્રેજી)
(૨) B.A. B.Ed. - ૧ શિક્ષક (અંગ્રેજી / સંસ્કૃત)
રસ ધરાવનાર ઉમેદવારોએ તા. ૧૭/૬/૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૯.૦૦ વાગે અસલ પ્રમાણપત્રો અને બાયોડેટા સાથે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com